**ORDER** **CRMA J NO. 38/2026**

# અરજદારની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા કલમ ૫૦૩ મુજબની અરજી અન્વયે આંક–૧ લગત હુકમ

**અરજદાર : આદર્શકુમાર બીહારીભાઈ પટેલ**

**રહે.રાજપીપલા, તા.નાંદોદ, જી.નર્મદા**

**વિરુધ્ધ**

**સામાવાળા : સરકાર શ્રી**

(૧) અરજદારની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિ. એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે, તેઓ અરજીમાં જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ. જે બનાવમાં તેઓના બેન્કના **UJJIVAN SMALL FINANCE BANK A/C NO.4490110010050582 AMOUNT RS.10,000/-** ઉપડી ગયેલ જે બાબતે તેઓએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને ફરીયાદ નોંધાવેલી હતી. જે ફરીયાદ **Dt.26/01/2026 NCCRP (NATIONAL CYBER CRIME REPORTING PORTAL) ACKNOWLEDGEMENT NO. 31101260019746** થી નોંધાયેલ હતી. જે સબબ સાયબર ક્રાઈમ પોલીસ દ્ધારા સામાવાળાના **(1) PUNJAB NATIONAL BANK A/C NO.8748000100117009 RS.10,000/- TOTAL AMOUNT RS.10,000/-** બી.એન.એસ.એસ.ની કલમ ૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. તેઓને ખુબ જ મોટુ આર્થિક નુકસાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપીયાની જરૂર હોય, સદર નાણા તેઓના ખાતામાં પરત અપાવવા માટે ભારતીય

